ખૂબ અગત્યનું

ક્રમાંક: માધ્ય/મા-૨/૨૦૧૯/૧૧૮૮-૧૨૨૪
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં. ૯/૧ , ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર. તા.૧૭/૦૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : ધોરણ-૧૦ અને ૧૨ની એક્ષ્ટર્નલ પરીક્ષાનું ફોર્મ ભરવા માટે લીવીંગ સર્ટીફિકેટ મેળવવા સૂચના આપવા અને પરીક્ષાની પૂર્વ તૈયારીના ભાગરૂપે તૈયારી કરવા માટે શિક્ષકો ફાળવવા બાબત.

સંદર્ભ : અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી જેલ અને સુધારાત્મકની તા. ૨૪/૧૨/૨૦૧૯ના રોજ યોજાયેલ સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની જેલમાં સજા ભોગવતાં બંદીવાનો માટે શિક્ષણ વિભાગના સહયોગથી ધોરણ-૧૦ અને ૧૨ ની એક્ષ્ટર્નલ પરીક્ષા આપવા બાબતે છેલ્લાં ત્રણ વર્ષથી આયોજન કરવામાં આવે છે. આ સંદર્ભે તા. ૨૪/૧૨/૨૦૧૯ના રોજ યોજાયેલ બેઠકમાં થયેલ ચર્ચા મુજબ પરીક્ષા ફોર્મ ભરવાની મુદત પૂરી થયેલ હોવા છતાં કેદીઓને ઓફલાઇન પરીક્ષા ફોર્મ ભરવાના હોવાથી અંતિમ સમય સુધી પરીક્ષા ફોર્મ ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા સ્વીકારવામાં આવશે તેવી સહમતથી આપવામાં આવેલ છે. આ સંદર્ભે વધુમાં વધુ બંદિવાનો પરીક્ષા આપી શકે અને આ પરીક્ષામાં ઉર્તીણ થાય તે માટે નીચે મુજબની સૂચનાઓને ધ્યાને લઇ કેદી સુધારણાની કામગીરીમાં સકારાત્મક યોગદાન તથા આ અંગે આપનો સંપૂર્ણ સહકાર આપવા જણાવવામાં આવે છે.

- બંદીવાનો પરીક્ષાની તૈયારી સારી રીતે કરી શકે અને તેમાં ઉર્તીણ થાય તે માટે સબંધિત જેલના જેલ અધિક્ષકશ્રી ધ્વારા જે તે વિષયના શિક્ષકની માંગણી કરવામાં આવે ત્યારે સરકારી/ગ્રાન્ટેડ /સેલ્ફ ફાયનાન્સ પૈકી કોઇપણ શાળામાંથી શિક્ષકની વ્યવસ્થા કરી આપવી. આ બાબતે આપે અંગત રસ લેવો સબંધિત જેલ અધિકારીશ્રીને તાત્કાલિક રૂબરૂ મળી સઘળી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
- પરીક્ષામાં ફોર્મ ભરવા માટે બંદીવાનોએ લીવીંગ સર્ટીફિકેટ રજ કરવાનું હોય છે પરંતુ અમુક કિસ્સામાં બંદીવાનોને સજા થયા બાદ તેના ઘરમાં કોઇ જવાબદાર/શિક્ષિત વ્યકિત ન હોવાના કારણે અથવા કોઇ અંતરિયાળ વિસ્તારમાં પહોંચી શકાય તેમ ન હોવાથી બંદીવાનોના લીવીંગ સર્ટીફિકેટ સમયમર્યાદામાં મેળવી શકાતા નથી જેથી આવા બંદીવાન ધોરણ-૧૦ અને ૧૨નું ફોર્મ ભરવા માંગતા હોય અને તેઓની પાસે લીવીંગ સર્ટીફિકેટ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં લીવીંગ સર્ટીફિકેટ સરળતાથી મળી રહે તે માટે આપને જેલ અધિક્ષકશ્રીના પરામર્શમાં રહી સંપૂર્ણ સહકાર આપવા જણાવવામાં આવે છે.

ક્રમાંક /પરિ/મા/ -૨૦૨૦-૨૯૨૫-૬૨૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૪-૧ -૨૦૨૦

નકલ રવાના અમલ માટે રવાના.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળાઓ તમામ,
બ.કાં. જિલ્લો.

Scanned by CamScanner